# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-08-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના:

કેન્દ્ર સરકારે વર્ષ 2025-26 માટે "પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના"ના ગ્રાહકોની નાણાકીય સહાય એટલે કે, સબસિડી યથાવત્ રાખવાની મંજૂરી આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ગઈકાલે આ નિર્ણય લેવાયો હતો.

નવી દિલ્હીમાં આ અંગે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, આ યોજનાથી 10 કરોડ 33 લાખથી વધુ પરિવારને લાભ પહોંચશે. સરકાર 14 કિલો 200 ગ્રામના રસોઈ ગૅસ સિલિન્ડર પર 300 રૂપિયા સુધીની નાણાકીય સહાય આપશે તેમ પણ શ્રી વૈષ્ણવે ઉમેર્યું હતું.

-----------------------------------------------------------------------------------------------

## ગુજરાત વિધાનસભા-ચોમાસું સત્ર:

ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર આગામી આઠથી 10 સપ્ટેમ્બર સુધી યોજાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે 15મી વિધાનસભાના સાતમા સત્રનું આહ્વાન કરતા ગુજરાત વિધાનસભાએ સત્ર સંબંધિત જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ કહ્યું, આ સત્ર માટે ધારાસભ્યો આગામી 20 ઑગસ્ટ સુધી પોતાના પ્રશ્નો ઑનલાઈન અને પ્રત્યક્ષ એમ બંને પદ્ધતિથી મોકલી શકશે.

આગામી છ સપ્ટેમ્બરે યોજાનારી કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં વિધાનસભાની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરાશે.

-----------------------------------------------------------------------------------------------

## રક્ષાબંધન:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રક્ષાબંધનની નાગરિકોને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં ભાર મૂક્યો હતો કે રક્ષાબંધનનો પવિત્ર તહેવાર ભાઈઓ અને બહેનો વચ્ચેના પ્રેમ અને વિશ્વાસના અનોખા બંધનનું પ્રતીક છે. તેમણે કહ્યું કે આ તહેવાર સમાજમાં સંવાદિતા અને એકતાની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

આજે ભાઇ-બહેનના પવિત્ર પ્રેમ, મમતા અને સ્નેહના તહેવાર એવા રક્ષાબંધનની ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવણી થાય છે. આજે શ્રાવણી પુનમ છે. આજે બહેન ભાઇના કાંડે રાખડી બાંધી તેના દિર્ઘાયુની મનોકામના કરશે. દરમ્યાન રક્ષાબંધન ના તેહવાર નિમિતે બજારોમાં રાખડી અને મીઠાઇ ખરીદવા મોટી સંખ્યામાં બહેનો ઉમટી પડી હતી.

આજે બળેવનું પર્વ છે. ભૂદેવો આજે યગ્નોપવિત બદલવાની વિધિ કરે છે. ભુજ અને અન્ય સ્થળોએ ગાયત્રી  મંદિરોમાં અને અન્ય સ્થળે સમૂહ જનોઈ બદલવાના કાર્યક્રમો  યોજાય છે. આજે નાળિયેરી પૂનમના દરિયા દેવનું પૂજન કરવામાં આવે છે, એ સાથે  માછીમારો માછીમારી સિઝનનો આરંભ કરે છે.

---

## મિશન વાત્સલ્ય:

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયાએ ગઈકાલે ગાંધીનગરમાં મિશન વાત્સલ્ય હેઠળ બાળ સુરક્ષા વિષયક કાર્યશાળાનો પ્રારંભ કરાવ્યો હતો આ પ્રસંગે તેમણે કહ્યું, ચાઈલ્ડ વેલફેર કમિટી અને જૂવેનાઈલ જસ્ટિસ બોર્ડમાં નવ નિમણૂંક પામેલા સભ્યોને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કાર્યનું અભિન્ન અંગ ગણાવ્યું હતું.

---

# હેન્ડલુમ દિવસની ઉજવણી:

ભારત સરકારનાં માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં કેન્દ્રીય સંચાર બ્યૂરો, ભુજ અને શ્રી ભુજોડી પ્રાથમિક શાળા, ભુજોડી હાઇસ્કુલ તેમજ ગ્રામ પંચાયતનાં સહયોગ થી 11મા હેન્ડલુમ દિવસની ઉજવણી ભુજોડી પ્રાથમિક શાળા ખાતે આવી હતી. કેન્દ્રીય સંચાર બ્યૂરોના અધિકારી કમલેશ મહેશ્વરીએ રાષ્ટ્રીય હેન્ડલુમ દિવસ પર લોકોને લોકલ ફોર વોકલનો સંદેશ આપતા સ્થાનિક ઉત્પાદીત ચીજ વસ્તુઓ વાપરવાનો આગ્રહ કર્યો હતો. સ્કૂલના બાળકો દ્વારા સ્વચ્છ ભારત અભિયાન પર એક સરસ મજાનું નાટક રજૂ કરવામાં આવ્યું હતું અને સ્વચ્છ ભારત અંગે સૌ ઉપસ્થિત લોકોને શપથ લેવડાવ્યા હતા.

આ કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, ક્રાફ્ટ સ્પર્ધા, ખેલકૂદ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનાં વિજેતા બાળકોને કેન્દ્રીય સંચાર બ્યૂરો, ભૂજ દ્વારા ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

---

# ઘરેલુ હિંસા-જાગૃતિ સેમિનાર:

ઘરેલું હિંસા સામે સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ – ૨૦૦૫" કાયદાની જાગૃતી આવે એ માટે માધાપર જુનાવાસ ખાતે મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા જાગૃતી સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

મહિલાઓને સક્ષમ થવા તેમજ હિંસા સહન ન કરવા અંગે સમજ આપવામાં આવી હતી. મુશ્કેલ પરિસ્થિતીમાં મુકાયેલ કોઇપણ મહિલા ગમે ત્યારે ૧૮૧ નંબર ડાયલ કરી ને સેવા મેળવી શકે છે જે સેવા નિશુલ્ક અને ૨૪*૭ ચાલતી સેવા છે . સખી, ,કાનુનિ સહાય ,પોલિસ સહાય , કાઉન્સેલિંગ, વિષે પણ માહિતી આપાવામા આવી હતી.આ પ્રસંગે બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

---

## મેન્ટર પ્રોજેક્ટ:

કચ્છમાં મિલ્કત સંબંધી ગુનાઓને અંકુશમાં લાવવા માટે મેન્ટર પ્રોજેક્ટ અંતર્ગત સક્રિય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પોલીસ અધિક્ષક પશ્ચિમ કચ્છ-ભુજ દ્વારા આ પ્રોજેક્ટ અંતર્ગત આરોપીઓ અને પોલીસ મેન્ટરોને પોલીસ સ્ટેશન વાઇઝ લોકલ ક્રાઇમ બ્રાન્ચ ખાતે બોલાવવાની સૂચના આપવામાં આવી હતી.

જિલ્લામાં મિલ્કત સંબંધી ગુના આચરતા આરોપીઓ અને તેમના પર નજર રાખતા પોલીસ મેન્ટરોની બેઠક યોજાઈ હતી. સાથે જ પોલીસ મેન્ટરોને આરોપીઓને સર્વેલન્સમાં રાખવા અંગે યોગ્ય સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા.  રાજ્યના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા શરૂ કરવામાં આવેલ આ મેન્ટર પ્રોજેક્ટની સઘન કાર્યવાહી જિલ્લામાં ચાલુ રહેશે. જેનો મુખ્ય હેતુ મિલ્કત સંબંધી ગુનાઓને અંકુશમાં લાવવાનો છે.

---